**અગ્રતા ક્રમ** ૨૨

**વિભાગઃ- મહેસૂલ વિભાગ**

**તારાંકિત પ્રશ્ન :- ૧૫/૪/૨૧૮૭**

**૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર**

**વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તાઃ૨૦/૦૨/૨૦૨૪**

(બીજી બેઠક)

**પ્રશ્નનું શિર્ષકઃ- ટાટા મોટર્સ લી.ને નેનો કાર ઉત્પાદન માટે ફાળવેલ જમીન બાબત**

**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર**

**શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર)**

અગ્રતા ક્રમ :૨૨

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૨૧૮૭

ટાટા મોટર્સ લી.ને નેનો કાર ઉત્પાદન માટે ફાળવેલ જમીન બાબત

શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર)

અનુક્રમણિકા

| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| મુળ પ્રશ્ન | વિધાનસભા દ્વારા વિભાગને પુછેલ પ્રશ્ન: | |
| જવાબ | વિભાગે આપેલ જવાબ | |
| | હાર્ડ/સરકારશ્રીની નીતિ | |
| | | પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ |
| પેટા પ્રશ્ન–૧ | સાણંદ તાલુકામા ઔદ્યોગિક હેતુ માટે ટાટા મોટર્સને કારના ઉત્પાદન માટે કેટલી જમીન ફાળવવામાં આવેલ છે? | શ્રી કનુભાઇ પટેલ (સાણંદ) |
| પેટા પ્રશ્ન–૨ | સરકારી પડતર જમીન ઔદ્યોગિક હેતુ માટે જમીન કઈ જોગવાઈઓને આધીન ફાળવવામાં આવે છે? | શ્રી કનુભાઇ પટેલ (સાણંદ) |
| પેટા પ્રશ્ન–૩ | ઔદ્યોગિક હેતુ માટે સરકારી જમીન ગ્રાન્ટ કરવાની સત્તા કોને પહોચે છે? | શ્રી કાળુભાઇ ડાભી (ધંધુકા) |
| પેટા પ્રશ્ન–૪ | ઔદ્યોગિક હેતુ માટે સરકારી જમીન ભાડાપટ્ટે આપવા બાબતની શુ જોગવાઈ છે? | શ્રી કાળુભાઇ ડાભી (ધંધુકા) |
| પેટા પ્રશ્ન–૫ | ઔદ્યોગિક હેતુ માટે સરકારી જમીન ભાડાપટ્ટે આપવા બાબતે કેટલું ભાડું વસુલ કરવાની જોગવાઈ છે? | શ્રી પરષોતમભાઇ પરમાર (દસાડા) |

| | | |
|---|---|---|
| પેટા પ્રશ્ન–૬ | ઔદ્યોગિક હેતુ માટે સરકારી જમીન ભાડાપટ્ટે આપવા બાબતે કેટલા વર્ષ સુધી ભાડે આપવાની જોગવાઈ છે? | શ્રી પરષોતમભાઇ પરમાર (દસાડા) |
| પેટા પ્રશ્ન–૭ | ઔદ્યોગિક હેતુ માટે ભાડાપટ્ટે આપવા બાબતે અરજદાર સંસ્થાએ કોને અરજી કરવાની રહે છે? | |
| પેટા પ્રશ્ન–૮ | અરજદારશ્રીની અરજી પરત્વે કોઈ નિયત સમયમર્યાદા નક્કી કરવામાં આવેલ છે? | |
| | પૂરક નોંધ | |

# વિધાનસભા દ્વારા વિભાગને પુછેલ પ્રશ્નઃ

<u>તારાંકિત પ્રશ્ન</u>

<u>ક્રમાંક: પ્ર/</u>

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/2187

વિષય:

ટાટા મોટર્સ લી.ને નેનો કાર ઉત્પાદન માટે ફાળવેલ જમીન બાબત

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 23/01/2024 | તારીખ 14/02/2024 | 02/02/2024 |

*15/4/2187 શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા(પોરબંદર)

મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન જણાવવા કૃપા કરશે કે:-

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકારે ટાટા મોટર્સ લિ.,ને નેનો કાર ઉત્પાદન કરવા માટે અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં જમીન ફાળવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકત ફાળવેલ જમીન ટાટા નેનો કારના ઉત્પાદન માટે કે અન્ય હેતુ માટે વપરાઈ છે તે અંગે ક્યારે તપાસ કરી,

(૩) તપાસ દરમ્યાન જમીન ક્યા હેતુ માટે વપરાતી હોવાનું માલુમ પડયું, અને

(૪) જો અન્ય હેતુ માટે વપરાતી હોવાનું માલુમ પડેલ હોય, તો શરતભંગ બદલ ઉકત સ્થિતિએ ક્યારે શા પગલાં લીધાં?

----

[મુખ્ય પેજ ઉપર જાઓ]

# વિભાગે આપેલ જવાબ

ટાટા મોટર્સ લી.ને નેનો કાર ઉત્પાદન માટે ફાળવેલ જમીન બાબત

***15/4/2187 : શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે–:**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકારે ટાટા મોટર્સ લિ.,ને નેનો કાર ઉત્પાદન કરવા માટે અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં જમીન ફાળવેલ છે તે હકીકત સાચી છે, | (૧) | હા, જી |
| (૨) | જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત ફાળવેલ જમીન ટાટા નેનો કારના ઉત્પાદન માટે કે અન્ય હેતુ માટે વપરાઈ છે તે અંગે ક્યારે તપાસ કરી, | (૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત ફાળવેલ જમીન ટાટા નેનો કારના ઉત્પાદન માટે કે અન્ય હેતુ માટે વપરાઈ છે તે અંગે તા:૦૩/૦૩/૨૦૨૩ના રોજ તપાસ કરેલ છે. |
| (૩) | તપાસ દરમ્યાન જમીન કયા હેતુ માટે વપરાતી હોવાનું માલુમ પડ્યું, અને | (૩) | તપાસ દરમ્યાન જમીન ઔદ્યોગિક હેતુ માટે વપરાતી હોવાનું માલુમ પડેલ છે . |
| (૪) | જો અન્ય હેતુ માટે વપરાતી હોવાનું માલુમ પડેલ હોય, તો શરતભંગ બદલ ઉક્ત સ્થિતિએ ક્યારે શા પગલાં લીધાં? | (૪) | અન્ય હેતુ માટે વપરાતી હોવાનું માલુમ પડેલ ન હોય શરતભંગનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી . |

---

[મુખ્ય પેજ ઉપર જાઓ]

## ફાઈ: સરકારશ્રીની નીતિ

- માન. પ્રધાનમંત્રીશ્રીએ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્રમાં ફેરવવાનો સંકલ્પ લીધેલ છે. તેમના પ્રેરણાદાયી નેતૃત્વમાં દેશ યોગ્ય દિશામાં આગળ વધી રહ્યો છે. આ સંકલ્પા નીતિને આગળ ધપાવવા ગુજરાત એ ગ્રોથ એંજિન તરીકે કામ કરી રહ્યુ છે. જેમાં વધુ સારા સંસાધનો અને ઝડપી જમીન ફાળવણીના કારણોસર ગુજરાત એક મેનુફેક્ચરીંગ હબ તરીકે સમગ્ર દેશમાં ઉભરી આવ્યુ છે.
- આમ, સરકારી જમીન ફાળવવા બાબતે મહેસૂલ વિભાગના તા:૦૬/૦૬/૨૦૦૩ના સંકલિત ઠરાવની જોગવાઈઓ અનુસાર ૧૦૦% બજારકિંમતે જમીન ફાળવવાની જોગવાઈ છે. તથા મહેસૂલ વિભાગના તા:૩૦/૦૩/૨૦૨૧ ના ઠરાવથી ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલીસી ૨૦૨૦ અન્વયે સરકારી જમીન ભાડાપટ્ટે આપવાની જોગવાઈ પણ કરવામાં આવેલ છે.
- આમ, રાજ્ય દ્વારા સરળ અને સુમેળભરી ઔદ્યોગિક જમીન ફાળવણીની નીતિના કારાણોસર આજે રાજ્યમાં ઉદ્યોગોને પ્રોત્સાહન મળ્યું છે. જેના કારણોસર ઘણા યુવાનોને રોજગારી મળી રહેલ છે.

મુખ્ય પેજ ઉપર જાઓ

અગ્રતા ક્રમ :૨૨

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૨૧૮૭

ટાટા મોટર્સ લી.ને નેનો કાર ઉત્પાદન માટે ફાળવેલ જમીન બાબત

| પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીઃ શ્રી કનુભાઇ પટેલ (સાણંદ) | |
|---|---|
| પ્રશ્ન ૧ | સાણંદ તાલુકામા ઔદ્યોગિક હેતુ માટે ટાટા મોટર્સને કારના ઉત્પાદન માટે કેટલી જમીન ફાળવવામાં આવેલ છે? |
| જવાબ | મોજે.નોર્થકોટપુરા તા.સાણંદ ના સર્વે નં.૧ની હે.૪૪૫-૧૭-૦૦ ચો.મી જમીન કલેક્ટરશ્રીના તા:૧૦/૧૧/૨૦૦૮ના હુકમથી નિયત શરતોને આધિન ફાળવવામાં આવેલ છે. |

મુખ્ય પેજ ઉપર જાઓ

અગ્રતા ક્રમ :૨૨

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૨૧૮૭

ટાટા મોટર્સ લી.ને નેનો કાર ઉત્પાદન માટે ફાળવેલ જમીન બાબત

| પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીઃ શ્રી કનુભાઇ પટેલ (સાણંદ) | |
|---|---|
| પ્રશ્ન ૨ | સરકારી પડતર જમીન ઔદ્યોગિક હેતુ માટે જમીન કઈ જોગવાઈઓને આધીન ફાળવવામાં આવે છે? |
| જવાબ | સરકારશ્રી ના મહેસુલ વિભાગના તા.૦૬/૦૬/૨૦૦૩ ઠરાવ નં.જમન/૩૯૨૦૦૩/૪૫૪/અ, ની જોગવાઇઓ મુજબ બજાર કિંમત વસુલ લઈ ફાળવવાની જોગવાઇ થયેલ છે. |

મુખ્ય પેજ ઉપર જાઓ

અગ્રતા ક્રમ :૨૨

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૨૧૮૭

ટાટા મોટર્સ લી.ને નેનો કાર ઉત્પાદન માટે ફાળવેલ જમીન બાબત

| પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીઃ શ્રી કાળુભાઇ ડાભી (ધંધુકા) | |
|---|---|
| પ્રશ્ન ૩ | ઔદ્યોગિક હેતુ માટે સરકારી જમીન ગ્રાન્ટ કરવાની સત્તા કોને પહોચે છે? |
| જવાબ | સરકારશ્રી ના મહેસુલ વિભાગના તા.૦૬/૦૬/૨૦૦૩ ના ઠરાવની વિગતે બે હેક્ટર ક્ષેત્રફળ સુધી ની મર્યાદા માં અને રૂ ૧૫/-લાખ(રૂ પંદર લાખ) સુધીની કિમતની વિના હરાજીએ સરકારી પડતર જમીન ઔદ્યોગિક હેતુ માટે જિલ્લા કલેકટરશ્રીઓ નિયત શરતોને આધિન ગ્રાન્ટ કરી શકશે, પરંતુ છ મોટા શહેરી વિસ્તાર અને શહેરી સંકુલ (1)અમદાવાદ (2)વડોદરા (3)સુરત (4)રાજકોટ (5)ભાવનગર (6)જામનગર માં સરકારી પડતર જમીનો મળવાની માંગણી અંગેની દરખાસ્તો સરકારશ્રીમાં રજુ કરવાની રહે છે. |

મુખ્ય પેજ ઉપર જાઓ

અગ્રતા ક્રમ :૨૨

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૨૧૮૭

ટાટા મોટર્સ લી.ને નેનો કાર ઉત્પાદન માટે ફાળવેલ જમીન બાબત

| પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીઃ શ્રી કાળુભાઇ ડાભી (ધંધુકા) | |
|---|---|
| પ્રશ્ન ૪ | ઔદ્યોગિક હેતુ માટે સરકારી જમીન ભાડાપટ્ટે આપવા બાબતની શુ જોગવાઈ છે? |
| જવાબ | ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલીસી 2020 અન્વયે ઔધોગિક હેતુ માટે સરકારી પડતર જમીન ભાડાપટ્ટે આપવા બાબતે સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક જમન/3920/716/ગ, તા.30/03/21 થી ઔધોગિક હેતુ માટે ભાડાપટ્ટે આપવાની નિયત શરતોને આધીન જોગવાઈ થયેલ છે. |

મુખ્ય પેજ ઉપર જાઓ

અગ્રતા ક્રમ :૨૨

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૨૧૮૭

ટાટા મોટર્સ લી.ને નેનો કાર ઉત્પાદન માટે ફાળવેલ જમીન બાબત

| પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીઃ શ્રી પરષોત્તમભાઇ પરમાર (દસાડા) | |
|---|---|
| પ્રશ્ન ૫ | ઔદ્યોગિક હેતુ માટે સરકારી જમીન ભાડાપટ્ટે આપવા બાબતે કેટલું ભાડું વસુલ કરવાની જોગવાઈ છે? |
| જવાબ | સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક જમન/3920/716/ગ, તા.30/03/21 થી સરકારી પડતર જમીનનું વાર્ષિક ભાડુ પૂર્ણ બજાર કિંમતના છ ટકા દરે વસુલ લેવાનું રહે છે. જેમાં દર પાંચ વર્ષે દસ ટકા ભાડું વધારવાની જોગવાઈ છે. |

મુખ્ય પેજ ઉપર જાઓ

અગ્રતા ક્રમ :૨૨

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૨૧૮૭

ટાટા મોટર્સ લી.ને નેનો કાર ઉત્પાદન માટે ફાળવેલ જમીન બાબત

| પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીઃ શ્રી પરષોત્તમભાઇ પરમાર (દસાડા) | |
|---|---|
| પ્રશ્ન ૬ | ઔદ્યોગિક હેતુ માટે સરકારી જમીન ભાડાપટ્ટે આપવા બાબતે કેટલા વર્ષ સુધી ભાડે આપવાની જોગવાઈ છે? |
| જવાબ | ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલીસી 2020 અન્વયે સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક જમન/3920/716/ગ, તા.૩૦/૦૩/૨૧ થી ઔધોગિક હેતુ માટે ભાડાપટ્ટે આપવાની મુદત વધુમાં વધુ ૫૦ વર્ષની રહેશે. |

મુખ્ય પેજ ઉપર જાઓ

અગ્રતા ક્રમ :૨૨

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૨૧૮૭

ટાટા મોટર્સ લી.ને નેનો કાર ઉત્પાદન માટે ફાળવેલ જમીન બાબત

| | |
|---|---|
| પ્રશ્ન ૭ | ઔદ્યોગિક હેતુ માટે ભાડાપટ્ટે આપવા બાબતે અરજદાર સંસ્થાએ કોને અરજી કરવાની રહે છે? |
| જવાબ | અરજદાર એકમે ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલીસી 2020 અન્વયે ઔદ્યોગિક હેતુ માટે સરકારી પડતર જમીન ભાડાપટ્ટે મેળવવા નિયત નમુનામાં જિલ્લા કલેકટરશ્રીને અરજી કરવાની રહે છે. |

મુખ્ય પેજ ઉપર જાઓ

અગ્રતા ક્રમ :૨૨

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક :૧૫/૪/૨૧૮૭

ટાટા મોટર્સ લી.ને નેનો કાર ઉત્પાદન માટે ફાળવેલ જમીન બાબત

| | |
|---|---|
| પ્રશ્ન ૮ | અરજદારશ્રીની અરજી પરત્વે કોઈ નિયત સમયમર્યાદા નક્કી કરવામાં આવેલ છે? |
| જવાબ | અરજદારશ્રીની મહેસુલ સત્તાધિકારી/સરકારશ્રીની અરજી મળ્યા બાદ તેની અરજી પર કાર્યવાહી કરવા માટે ચોક્કસ સમય મર્યાદા નક્કી કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.<br>➢ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રએ કલેકટરશ્રીને દિન–15માં ભલામણ કરવાની રહે છે.<br>➢ જિલ્લા કલેકટરશ્રી દ્વારા નિયત નમુનામાં દિન45માં મહેસુલ વિભાગને દરખાસ્ત મોકલવાની રહે છે.<br>➢ સરકારશ્રીમાં દરખાસ્ત મંજુરી માટે દિન–30માં રજૂ કરવાની રહે છે.<br>➢ સરકારશ્રીની મંજુરી મળ્યા બાદ ઔદ્યોગિક એકમને વિવિધ વેરા ભરવા કલેકટરશ્રી દ્વારા દિન–15માં જાણ કરવાની રહે છે.<br>➢ નિયત રકમ ભરપાઈ થયા બાદ કલેકટરશ્રીએ એગ્રીમેન્ટ અને અન્ય વિગતવાર હુકમ દિન–15માં કરવાનો રહે છે. |

મુખ્ય પેજ ઉપર જાઓ

## પૂરક નોંધ

- મોજે નોર્થકોટપુરા, તા.સાણંદના સર્વે નં.૧ ની ૪૪૫–૧૭–૦૦ ચો.મી જમીન કલેક્ટરશ્રી અમદાવાદના તા:૧૦/૧૧/૨૦૦૮ના હુકમને આધીન કુલ રૂ.૪૪,૬૫,૩૦,૦૦૦/–(અંકે રૂ. ચારસો કરોડ પાસઠ લાખ ત્રીસ હજાર પુરા) પુરી બજરકિંમત વસુલ લઈને ટાટા મોટર્સ લિ.ને ઔદ્યોગિક હેતુ માટે નવી, અવિભાજ્ય અને વિક્રિયાદી નિયંત્રિત શરતે જમીન ફાળવેલ છે.
- ત્યરબાદ સરકારશ્રીની મંજુરી મેળવી આ જમીન પૈકીની ૨૧૮.૫૩ હેક્ટર જમીન ટાટા મોટર્સ લિ.ની સબસિડીયરી કંપની ટાટા મોટર્સ પેસેંજર વ્હીકલ લિ.ને કલેક્તરશ્રીના તા:૦૮/૦૯/૨૦૨૩ના હુકમથી માંગણીવાળી જમીનના જંત્રીદરના ૨૦% લેખે રૂ.૭૬,૯૨,૨૫,૬૦૦/– (અંકે રૂ છોત્તેર કરોડ બાણું લાખ પચ્ચીસ હજાર છસો રૂ. પુરા) વસુલ લઈ જમીન ફાળવેલ છે.
- સવાલવાળી જમીનની સ્થળસ્થિતિની ચકાસણી કરતાં સર્કલ ઓફિસરશ્રી સાણંદના તા:૦૩/૦૩/૨૦૨૩ના પંચનામાની વિગતે, આ જમીનમાં ટાટા મોટર્સ મેનુફેક્ચરીંગ પ્લાન્ટ આવેલ છે. જેમાં કારનું ઉત્પાદન કરવામાં આવે છે. જેમાં અંદાજિત પાચ હજાર કર્મચારીઓ કામ કરીને રોજગારી મેળવે છે.

મુખ્ય પેજ ઉપર જાઓ